ગાંધીનગર સમાચાર

**ગુનાખોરી અટકાવવા નાઈટ ડયુટી કરતાં હોમગાર્ડસ ગાયબ**

## @ગાંધીનગર

● સે-૨૯ સ્થિત જલારામ ધામ ખાતે જલારામ જયંતિ નિમિત્તે સવારે ૮.૦૦ કલાકે શોભાયાત્રાનો પ્રારંભ થશે

● શ્રી માઈ બાલ મંડળ સાદરા ચેરિટી ટ્રસ્ટ દ્વારા સવારે ૯.૩૦ કલાકે જક્ષણી અન્નપૂર્ણા કેન્દ્ર, સાદરા ખાતે સત્સંગભવન તથા અતિથિભવનનો ભૂમિપૂજન સમારોહ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## સે-૪ ખાતે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૭

સેકટર-૪-એ સ્થિત પ્લોટ નં. ૧૮/૧ ખાતે આગામી તા. ૨૩ નવેમ્બરના રોજ સાંજે ૪.૦૦ કલાકે બહુચર માતાનો આનંદનો ગરબો યોજાશે. આનંદનો ગરબો અમદાવાદના લાલા ભગત ગ્રુપ દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે. માતાજીના ગરબામાં ઉપસ્થિત રહેવા સર્વે નગરજનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## હોમગાર્ડઝ જવાનોને ચુંટણી બંદોબસ્ત અર્થે હાજર થવા આદેશ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝની કચેરી દ્વારા જણાવ્યા અનુસાર આગામી તા. ૨૨ થી ૨૯ નવેમ્બર દરમિયાન રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચુંટણી ફરજમાં પોલીસની મદદ માટે, કાયદા અને વ્યવસ્થા જાળવવાની કામગીરી માટે જિલ્લાના તમામ હોમગાર્ડઝ સભ્યોને ફરજ ઉપર હાજર કરવાના હોઈ તમામ હોમગાર્ડઝ સભ્યોએ તાત્કાલીક પોતાના યુનિટ કચેરીએ સંપર્ક કરવા નાયબ પોલીસ અધિક્ષક એલ.એન. જેઠવાએ જણાવ્યું છે.

## વણકર સમાજના જીવનસાથી પસંદગી મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત વણકર સેવા સમાજ દ્વારા ૨૦મા જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. વણકર સમાજના લગ્નોત્સુક યુવકો યુવતીઓએ પસંદગી મેળામાં ભાગ લેવા ફોર્મ તેમજ માહિતી મેળવવા કાન્તાબેન ડોડીયા પ્લોટ નં. ૪૪૭, ગાયત્રી સોસાયટી, સે-૨૭, ડી.એમ. પરમાર, પ્લોટ નં. ૫૪૦/૨, સે-૭-બી, ચંપાબેન વાઘેલા પ્લોટ નં. ૭૯૫/૧, સે-૨-સી મેરેજ બ્યુરોના પ્રતિનિધિઓનો તા. ૩૦ નવેમ્બર સુધીમાં સંપર્ક સાધવાનો રહેશે.

# ગાંધીનગર શહેરે મને અઢળક ખુશી આપી છે : પ્રાંજલ ભટ્ટ


**ગુજરાતી એકશન ફિલ્મ શુટઆઉટના શુટિંગ માટે આવેલ ગાંધીનગરની દિકરી પ્રાંજલ ભટ્ટને મશીન જેવી લાઈફ પસંદ ના હોવાથી ટીવી સિરીયલ કરતી નથી : ભવિષ્યમાં ગાંધીનગરની યુવતિ બોલીવુડની ટોપ હિરોઈન બનશે તેવો દિગ્દર્શક શૈલેષ લેઉઆને વિશ્વાસ**

ગાંધીનગર, તા.૧૭

'વર્ષો પછી ગાંધીનગર આવ્યાની મને ખુબ ખુશી છે, આ શહેરે મને અઢળક ખુશી આપી છે, આ શહેર સાથે મારા પિતાની યાદ જોડાયેલી છે, મને ગૌરવ છે કે હું ગાંધીનગરની દિકરી છું.' આ શબ્દો છે પોતાની આગામી ગુજરાતી એકશન ફિલ્મ 'શુટઆઉટ'ના શુટિંગ માટે ગાંધીનગર આવેલ હિરોઈન પ્રાંજલ ભટ્ટના. ગાંધીનગરની આ દિકરીને ચમકાવતી અર્બન ફિલ્મ શુટઆઉટના દિગ્દર્શક પણ સે-૨૨માં રહેતા શૈલેષ લેઉઆ છે જેઓ માને છે કે અહીં એટલું બધું ટેલેન્ટ છે કે આગામી સમયમાં ગાંધીનગરની કોઈ યુવતિ બોલીવુડની ટોપ હિરોઈન પણ બની શકે તેવી શકયતા છે. શુટઆઉટના નિર્માતા કિરીટ ઠકકર ગુજરાતની સંસ્કૃતિ યુવા પેઢીને ભુલાઈ ના જાય તે માટે સાહસ કર્યું છે, ફિલ્મ એવી બનાવવી છે કે ગુજરાતી મુવીનું પણ અન્ય ભાષામાં ડબીંગ થાય અને તે જોવાય.

ગાંધીનગરના સેકટર-૧૬માં યુથ હોસ્ટેલ ખાતે છેલ્લા ત્રણ દિવસથી અપકમીંગ ગુજરાતી એકશન અર્બન મુવી 'શુટઆઉટ'નું શુટિંગ ચાલી રહ્યું છે. જેમાં ગાંધીનગરની દિકરી અને જાણીતી અભિનેત્રી પ્રાંજલ ભટ્ટ લેડી એસપી મીર્ઝાનો લીડ રોલ નિભાવી રહી છે. હાલ અમદાવાદમાં ઘર ધરાવતી પ્રાંજલ આમ તો મુંબઈ ખાતે સેટ





થયેલ છે અને ગાંધીનગર કલ્ચરલ ફોરમ તથા લાયન્સ કલબના સંયુકત આયોજિત નવરાત્રિ મહોત્સવમાં વર્ષો પહેલા બેસ્ટ પ્રિન્સેસનો ખિતાબ જીતી હતી તેને પોતાની કારકિર્દીનું પ્રથમ પગથિયું ગણાવે છે. પોલીસ તંત્ર આધારિત આ ફિલ્મમાં પ્રાંજલ ભરપૂર એકશન સીન્સ કરી રહી છે અને હિરોઈન કેન્દ્રિત ફિલ્મ હોવાથી ખૂબ જ આનંદીત છે. મૂળ મહારાષ્ટ્રના રત્નાગિરીના પરિવારની પ્રાંજલના દાદા કડી સ્ટેટના દિવાન હતા તેથી કડીને જ પોતાનું વતન ગણે છે. ગાંધીનગરના સે-૩માં ઉછરીને મોટી થયેલી પ્રાંજલે અમદાવાદના ગાંધી વિદ્યામંદિરમાં શાળાકીય અભ્યાસ કર્યો હતો તે માત્ર આઠમા ધોરણમાં હતી ત્યારે જ કોઈ સ્ટુડિયો પર લાગેલા તેના ફોટા જોઈ નિર્માતાએ સંપર્ક કર્યો અને એટલી નાની ઉંમરે તેણે પ્રથમ ફિલ્મ 'ઝોલો મારા મલકનો'માં સ્વ. મણિરાજ બારોટની હિરોઈનનો રોલ અદા કર્યો હતો. ફિલ્મ રિલીઝ થતા જ પરિવારમાં જાણે ભૂચાલ આવ્યો અને સગા સંબંધીએ તેના સિનેજગતમાં પ્રવેશ સામે ભરપૂર વિરોધ નોંધાવ્યો હતો. જો કે પ્રથમ ફિલ્મ જ સુપર ડુપર હીટ નીવડતા ધીરે ધીરે આ વિરોધ શમી જવા પામ્યો હતો.

આ પછી તો પ્રાંજલે પાછુ વળીને જોયું નથી. દિકરો કહું કે દેવ, પ્રિત જન્મોજનમની ભુલાશે નહીં, દેશ પરદેશ, મોટા ઘરની વહુ, રામના બાણ વાગ્યા, સાંવરિયા દઈ દે હો રંગની ચુંદડી, પડકાર ધ ચેલેન્જ, ડ્રાયવર દિલવાળો સહિત ૨૫ જેટલી સફળ ફિલ્મોમાં અત્યાર સુધીમાં કામ કરી ચુકી છે. આ ઉપરાંત સોનાને લાગે કયાંથી કાટ, નોનીતી બહુચરમા, દશામાને ઘણી ખમ્મા જેવા અઢળક આલ્બમમાં કામ કર્યું જેમાંથી ડ્રાયવર દિલવાળો હીટ થતા તેના પરથી ફિલ્મ પણ બની જે પણ સુપરડુપર હીટ સાબિત થઈ હતી. ગાંધીનગરની વાત નિકળતા જ પિતાની યાદે પ્રાંજલની આંખોમાં ઝળહળિયાં આવી ગયા હતા. શ્રીદેવી, માધુરી દિક્ષીત અને કરીના કપુર સાથે સ્નેહલતાને પોતાની પસંદગીની અભિનેત્રી માનતી પ્રાંજલ કહે છે ફિલ્મી દુનિયામાં ભરપૂર મહેનત અને ધૈર્યની જરૂર પડે છે. વર્ષની માત્ર બે ફિલ્મ તે પણ પોતાની પસંદગીની કરતી પ્રાંજલને મશીન જેવી લાઈફ પસંદ ના હોવાથી એકતા કપૂર સહિતના કેમ્પમાંથી ઓફરો આવતી હોવા છતાં સિરિયલ્સ કરતી નથી. ભવિષ્યમાં પોતાનું હોમ પ્રોડકશન યુનિટ ચાલુ કરી તેમાં સલમાનખાનને લઈ ફિલ્મ બનાવવા માંગતી પ્રાંજલ ભટ્ટ માને છે કે મહિલાઓની સુરક્ષા મામલે ફિલ્મ લાઈનને ખોટી બદનામ કરવામાં આવી છે. આ ક્ષેત્રમાં અન્ય ક્ષેત્રો કરતા સૌથી વધુ સુરક્ષા ફીલ કરે છે તેવું તેનું કહેવું છે.

શુટઆઉટના દિગ્દર્શક શૈલેષ લેઉઆને અત્યાર સુધીમાં ગુજરાતી, ભોજપુરી, હિન્દી સહિત લગભગ ૨૨ ફિલ્મોનો પોષ્ટ પ્રોડકશનનો અનુભવ છે.દિગ્દર્શક તરીકે તેમની આ બીજી ફિલ્મ છે અને આ ફિલ્મ થકી તેઓ બાહુબલીની જેમ સ્પેશિયલ ઈફેકટસ અને વિઝયુઅલાઈઝેશન ઈફેકટસનો ઉપયોગ કરી રહ્યાં છે. જેમાં તેમણે અદ્યતન ઈકવિપમેન્ટસ સાથે ૨ સૌથી મોંઘા રેડ કેમેરાનો ઉપયોગ પણ કરી રહ્યાં છે. પંદર હજારથી વધુ વીએફએસ શૉટ સાથે બની રહેલ આ ફિલ્મનું શુટિંગ ગાંધીનગર ઉપરાંત મનાલી અને ગોવા જેવા સ્થળોએ પણ કરાયું છે. શૈલેષ લેઉઆ માને છે કે હાલ ગુજરાતી ફિલ્મોમાંથી સૌરાષ્ટ્ર અદ્રશ્ય થયું છે જયાં સૌથી મોટો દર્શક વર્ગ છે. વળી, ફિલ્મ શુટિંગમાં સરકારી પરમીશન માટે પડતી તકલીફોથી તેમને ઘણો રોષ છે અને તે માટે સિંગલ વિન્ડો સીસ્ટમની તેઓ તરફેણ કરે છે. આ ફિલ્મના ગીતો તેમણે સોનુ નિગમ, જાવેદ અલી, નીતિ મોહન, ભૂમિ ત્રિવેદી, રીતુ પાઠક અને ઐશ્વર્યા મજમુદાર જેવા દિગ્ગજ ગાયકો પાસે ગવડાવ્યા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## વાતવાતમાં

● છેલ્લા ૮ વર્ષથી કાર્યરત ૧૦૮ ઈમરજન્સી સેવાઓ આ વખતે બેસતા વર્ષના દિવસે સૌથી વધુ ૩૮૧૪ કોલ એટેન્ડ કયા. ૧૦૮ની સેવાને સલામ કરવા સાથે આપણી તહેવારો ઉજવવાની ખોટી રીતભાતો સુધારવાની તાતી જરૂરિયાત જણાઈ આવે છે.

● ટ્રાફિક નિયમની જવાબદારીમાંથી લગભગ છ માસ પહેલા હોમગાર્ડસના જવાનોને હટાવી તો દેવાયા છે પરંતુ તેમને છેલ્લા માસનો પગાર પણ હજુ સુધી ચુકવાયો નથી. આકરા તાપ-તડકા, ઠંડી કે વરસાદમાં ફરજ બજાવનારા યુવાનોને હજુ પોતાના હકકના મહેનતાણા માટે ટટળવું પડી રહ્યું છે તે કમનસીબ બાબત છે.

● દિવાળીમાં બહાર ફરવા ગયેલા પરિવારો પરત ફરતા શહેરમાં ધીમે ધીમે જનજીવન પુનઃ ધબકતું થતું જણાઈ રહ્યું છે. બુધવારે સાતમથી રહી સહી દુકાનોનો પણ પ્રારંભ થઈ જતા બજારો પણ યથાવત સ્થિતિમાં જોવા મળશે.

● સે-૭માં જાણીતી તબીબના દિકરાએ સ્કૂટર પરથી કાબુ ગુમાવતા એક ઘર પાસે પાર્ક કરેલ બાઈક સાથે ધડાકાભેર અથડાયો હતો. આ અકસ્માતમાં એક નાનકડા ભૂલકાને ઈજા પહોંચતા એકઠા થઈ ગયેલા રહીશોએ તબીબપુત્રને મેથીપાક ચખાડયો હતો.

● એક તરફ નગરજનો દિવાળી-યાત્રા કરી પરત ફરી રહ્યા છે ત્યારે બીજી તરફ સચિવાલયના અધિકારીઓ-કર્મચારીઓ એલટીસી અંતર્ગત બહારગામ ફરવા જઈ રહ્યા છે. શાળાઓની માફક જ સચિવાલયમાં પણ વેકશનનો માહોલ જામતો જાય છે.

- સમીર રામી

૯૯૨૪૪૪૬૬૪૫

# ગુનાખોરી અટકાવવા નાઈટ ડયુટી કરતાં હોમગાર્ડસ ગાયબ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેર વિસ્તારમાં વર્ષોથી પોલીસની સાથે હોમગાર્ડસને પણ નાઈટ ડયુટીમાં રાખીને નગરજનોની માલ મિલ્કતની સુરક્ષા પુરી પાડવામાં આવતી હતી. પોલીસની ઘટ હોવાથી ડયુટીમાં ખાખી ડ્રેસમાં મુકવામાં આવતા હોમગાર્ડસની હાજરી માત્રથી ગુનાખોરી નિયંત્રીત રહેતી હતી. છેલ્લા બે મહિનાથી શહેરમાં ડયુટી ભજવતા ૭૫ હોમગાર્ડસ પૈકી હવે માત્ર ૧૨ જ હોમગાર્ડસને ડયુટી આપવામાં આવે છે. જેને પગલે રાત્રી ઘરફોડ ચોરીઓ પણ વધી છે. ઉચ્ચ પોલિસ અધિકારીઓનું કહેવું છે કે હોમગાર્ડસને પગાર ચુકવવા ગ્રાન્ટ પુરતી નથી! તો બીજી તરફ હોમગાર્ડસની પણ હાલત કફોડી થઈ છે.

હોમગાર્ડસને ટ્રાફીક પોલીસ સાથે ડયુટી આપવાની રેન્જ આઈજીપીએ સ્પષ્ટ ના પાડી દઈને ટ્રાફીક ડયુટીમાંથી મુકત કરી દીધા હતા ત્યાર બાદ હવે પોલીસ સ્ટેશનોની હદ વિસ્તારમાં નાઈટ ડયુટી માટે પુરતા પ્રમાણમાં સેકટર દીઠ મુકાતા હોમગાર્ડસની સંખ્યા પણ ચાર ગણી ઘટાડી દેવામાં આવી છે. પહેલા

**સે-૭, સે-૨૧ અને ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનની હદમાં નાઈટ ડયુટી કરતા ૭૫ હોમગાર્ડ પૈકી હવે માત્ર ૧૨ હોમગાર્ડને જ ડયુટી અપાય છે : માલ-મિલ્કતની સલામતી પુરી પાડતા હોમગાર્ડને પગાર આપવા ગ્રાન્ટ ન હોવાનો દાવો**

ઈન્ફોસીટી પોલીસ સ્ટેશન, સે-૭ પોલીસ સ્ટેશન અને સે-૨૧ પોલીસ સ્ટેશનને ૨૫-૨૫ હોમગાર્ડસ આપવામાં આવતા હતા જે રાત્રી દરમિયાન સેકટરદીઠ ગોઠવાઈ જતા અને પ્રજાની માલ મિલકતની સલામતી કરતા હતા. પોલીસની ઘટને કારણે બધે જ પોલીસ પહોંચી શકતી ન હોવાની બુમોને પગલે હોમગાર્ડસને નાઈટ ડયુટીમાં રાખવામાં આવતા હતા પરંતુ ત્યાર બાદ સ્થિતિ એવી થઈ હતી કે પોલીસ હોમગાર્ડસને ડયુટી સોંપીને સુઈ જતી હતી! જો કે પછીથી પોલીસને સઘન નાઈટ પેટ્રોલીંગ કરવ સુચનાઓ પણ અપાઈ અને નાઈટ ડયુટી પર ખાસ ભાર મુકાયો હતો જેને કારણે રાત્રી દરમિયાન શહેરમાં ચોરી, ઘરફોડ, વાહનચોરી સહીતની ગુનાખોરી ઘટી જવા પામી હતી. છેલ્લા બે મહિનાથી હવે ૭૫ હોમગાર્ડસ પૈકી માત્ર ૧૨ જ હોમગાર્ડસને ડયુટી આપવામાં આવે છે. સે-૭ અને ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં છ-છ હોમગાર્ડ નાઈટ ડયુટી કરે છે જયારે સે-૨૧ પોલીસ સ્ટેશનમાં એક પણ હોમગાર્ડને ડયુટી અપાતી નથી. નાઈટ ડયુટીમાં હોમગાર્ડસની સંખ્યા ઘટાડી દેવાતા ઘરફોડ ચોરીઓ ઉપરાંત વાહન ચોરીઓ પણ વધી હોવાનું ધ્યાને આવ્યું છે. સલામતી પુરી પાડતા હોમગાર્ડ ઘટાડવાનું કારણ ગ્રાન્ટ ન હોવાનું સંભળાય છે.!

# છેતરપીંડીના ગુનામાં ત્રણ માસથી વોન્ટેડ આરોપી ઝડપાયો

**દહેગામ બસ સ્ટેન્ડ પાસેથી એક યુવાનનું બાઈક અને સામાન લઈને આરોપી ફરાર થઈ ગયો હતો**

ગાંધીનગર, તા.૧૭

જિલ્લાનાં દહેગામ વિસ્તારમાં બસ સ્ટેન્ડ પાસે ત્રણેક માસ અગાઉ એક યુવાનનું બાઈક તેમાં ભરાવેલા સરસામાન સાથે



ગઠીયો લઈ ગયો હતો અને પરત ફર્યો ન હતો. રૂ. ૪૦ હજારનો મુદ્દામાલ લઈ જઈને ફરાર થઈ ગયેલા શખ્સ સામે દહેગામ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. છેતરપીંડીના ગુનામાં વોન્ટેડ આ શખ્સ ગાંધીનગર એલસીબીના સકંજામાં આવી ગયો છે. એલસીબીની ટીમે આરોપીની ધરપકડ કરી દહેગામ પોલીસને સોંપી દીધો છે.

ચુંટણીને પગલે જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંગ યાદવે વોન્ટેડ આરોપીઓ પકડવા ગાંધીનગર એલસીબીને ખાસ સુચના આપી છે. જે અનુસંધાને એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી પીએસઆઈ એન.એન. ચાવડા તથા તેમની ટીમે ચોકકસ બાતમીને આધારે દહેગામ પોલીસ સ્ટેશનની હદમાં ત્રણેક માસ પહેલા થયેલી છેતરપીંડીના ગુનામાં વોન્ટેડ આરોપીને ઝડપી પાડયો છે. ત્રણેક માસ અગાઉ દહેગામ બસ સ્ટેન્ડ નજીક એક યુવાનને વિશ્વાસમાં લઈને તેનું બાઈક તથા તેમાં ભરાવેલી થેલી મળી રૂ. ૪૦ હજારની માલમત્તા સાથે ફરાર થઈ ગયેલો આરોપી સરદારનગરનો મુકેશ પ્રેમજી સલાટ પોલીસના સકંજામાં આવી જતા પોલીસે તેની ધરપકડ કરીને દહેગામ પોલીસને સોંપી દીધો છે. દહેગામ પોલીસે તેની ઝીણવટભરી પુછપરછ શરુ કરી છે.

## દિવાળીની રજાઓમાં પરિવાર વતનમાં ગયું ને તસ્કરો મકાનમાં ઘુસ્યા

**સે-૧૬ છ ટાઈપના મકાનનું તાળુ તોડીને તસ્કર ટોળકી રૂ. ૬૬ હજારની માલમત્તા સાફ કરી ગયા**

ગાંધીનગર, તા.૧૭

શહેરના સેકટર-૧૬, છ ટાઈપ ખાતે રહેતા પાટનગર યોજના વિભાગના કર્મચારી દિવાળીની રજાઓમાં પરિવારને લઈને વતનમાં ગયા હતા.ગઈ કાલે તેમનો દિકરો ઘરે આવ્યો ત્યારે મકાનનું તાળુ તુટેલું હતું અને અંદર સામાન વેર વિખેર પડયો હતો. બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો અંદરથી સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ. ૬૬ હજારનો મુદ્દામાલ સાફ કરી ગયા હતાં. સે-૨૧ પોલીસે મકાન માલિકની ફરિયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

સેકટર-૧૬, બ્લોક નં. ૧૦૪/૨ છ-ટાઈપ ખાતે રહેતા બળવંતસિંહ રતનસિંહ હાડા પાટનગર યોજના વિભાગમાં નોકરી કરે છે. ૭મી નવેમ્બરે બળવંતસિંહ પરિવારને લઈને સાબરકાંઠા પોતાના વતન ગયા હતાં. ગઈ કાલે તેમનો દિકરો ઘરે પરત ફર્યો ત્યારે મકાનનું તાળુ તુટેલું હતું અને અંદર પ્રવેશ કર્યો તો સામાન વેર વિખેર પડેલો હતો. જયારે કબાટ પણ તુટી ગયેલી હાલતમાં હતું. દિકરાએ પિતાને ફોન કરી સમગ્ર ઘરની હાલત અંગે જાણ કરી. આજે આવીને તપાસ કરતા ઘરમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂ. ૬૬ હજારની મત્તાની ઉઠાંતરી થઈ હોવાનું ધ્યાને આવ્યું હતું. જેને આધારે બળવંતસિંહે સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પી.આઈ. એલ.બી.મોણપરાએ ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને ગુનાની ઊંડી તપાસ આરંભી છે.

## ૧૦-૧૦ રુપીયા ભેગા કરીને બાઈક ખરીદનાર ચાની કીટલીવાળાને કંપનીએ જુનું બાઈક પધરાવ્યું...?

ગાંધીનગર તા.૧૭

દિવાળીમાં બાઈક ખરીદવાનો ક્રેઝ અનોખો હોય છે. શહેરીજનો આ દિવસે વિશેષ ખરીદી કરતા હોય છે. આ ક્રેઝ શહેરના એક યુવાન ગ્રાહકને ભારે પડ્યો છે. નંદા ઓટોમોબાઈલ્સમાંથી દિવાળીની સાંજે લીધેલું બાઈક જુનું તેમજ ક્ષતિ યુકત હોવાનો આક્ષેપ યુવાને કર્યો છે. અત્યારે હાલ તો યુવાન બાઈક નંદામાં પાછું મુકીને આવ્યો છે. બાઈક નહિ બદલવામાં આવે તો ફરિયાદ કરવાની પણ ચિમકી ગ્રાહકે ઉચ્ચારી છે. પરંતુ નંદા નો આ ફંદો અન્ય



ગ્રાહકો માટે લાલબતી સમાન હોવાનો સુર ભોગ બનનાર યુવાન પુરાવી રહ્યો છે.

શહેરનો અડીને આવેલા ઈન્દ્રોડા ગામમાં રહેતા રોહીતભાઈ રમેશભાઈ રાવળ અરણ્ય ભવન પાસે ચાની કિટલી ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. દરેક વ્યકિતને વાહન ખરીદવાનું સપનું હોય છે. આ યુવાને પણ પોતાની ચાની કિટલી પર મહેનત મજુરી કરીને બાઈક ખરીદવા રુપીયા ભેગા કર્યા હતા. દિપાવલીના શુભ દિને બાઈક લેવાનું નક્કી કર્યું. શહેરના સેકટર ૩૦ ખાતે આવેલ નંદા ઓટોમોબાઈલ્સના શો રુમ પર જઈ રોકડા રુપીયાથી હિરો સ્પેલન્ડર પ્લસ બાઈકની ખરીદી કરી. પરંતુ આ યુવાને દિવાળીના સાંજે બાઈક લેતા વોંશીગમાં કોઈ નથી. તેમ કહી બાઈક પધરાવી દીધું. ઘરમાં કોઈ અન્ય વાહન નહિ અને દિવાળી પવિત્ર તહેવારના દિવસે બાઈક લાવ્યો હોવાથી યુવાનની ખુશી સમાતી નહોતી. પરંતુ યુવાનની ખુશી લાબુ ટકી નહિ. યુવાનને બાઈકમાં કંઈક ક્ષતિ હોવાનું લાગ્યું. યુવાને બાઈકમાં વધુ ચોક્કસાઈથી જોતા ઠેર ઠેર કાટ તેમજ અન્ય સ્પેર પાર્ટસ પર પણ શંકા જતા યુવાન બાઈક શો રુમ પર લઈ ગયો હતો. ત્યા ચેક કરતા શો રુમના તંત્રએ બાઈક નહિ પરંતુ સ્પેર પાર્ટસ બદલી આપવાની હૈયાધારણા યુવાનને આપી હતી. પરંતુ મહેનતના રુપીયા ખરીદેલુ બાઈક નંદા ઓટોમોબાઈલ્સે જુનુ પધરાવ્યું હોવાનો આક્ષેપ યુવાને કર્યો છે. તેમજ આ અંગે ગ્રાહક સુરક્ષામાં ફરિયાદ કરવાની પણ ચિમકી ઉચ્ચારી છે. આ કિસ્સો જોયાવગર વાહનો ખરીદતા ગ્રાહકો માટે લાલબતી સમાન છે. શુભ દિને બાઈક ખરીદતા પહેલા નવા બાઈકમાં પણ ચેતવા જેવું તો ખરુ...

# શહેરની ફરતે ઓવરલોડીંગ દોડતી કાળમુખી ટ્રકો

**ટ્રાફીક પોલીસ ઓવરલોડીંગ બાબતથી અળગી, ટ્રક ડ્રાયવરોના મતે પોલીસને હપ્તાથી જ મતલબ**

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર તથા અમદાવાદના સીમાડે ચાલતા મકાન બાંધકામમાં ઉપયોગી એવી કપચીને વહન કરતા ટ્રકો તેની ક્ષમતા કરતા અનેક ગણુ વજન વહન કરી સરેઆમ કાયદાનું ઉલ્લંઘન કરી રહી છે. ઓવરલોડીંગ ફરી રહેલી આવી ટ્રકો અન્યવાહનો માટે યમદૂત સમાન બની છે. છતાં રેતીના ટ્રકોને ઓવરલોડીંગના કેસમાં આવરીને કપચીના ટ્રકોને બિન્દાસ્ત પસાર થવા દેવાય છે. વડાગામ, ધનસુરા તથા બાયડ તરફથી આવતી આવી ટ્રકો અનેક પોલીસ સ્ટેશનની હદોમાંથી પસાર થાય છે છતાં પણ કોઈ જ રોક-ટોક નથી ત્યારે ટ્રક ડ્રાયવરો પોલીસને નિયમિત નક્કી રકમથી જ મતલબ હોવાનો રાગ આલોપી રહ્યા છે.

ગાંધીનગર તથા તેના આસપાસના વિસ્તારોમાં ચાલી રહેલા બાંધકામ અર્થે અસંખ્ય ટ્રકો કપચી ભરીને આવે છે. નેશનલ હાઈવે નં. ૮, ગાંધીનગરના પાલજ, ૩૦ સર્કલ, રાંધેજા ચોકડી, ઈન્ફોસીટી, ચિલોડા સર્કલ તથા રીંગરોડ ઉપર દૈનિક ઓવરલોડીંગ ટ્રકોની અવરજવર ખૂબ જ રહે છે. ટ્રકમાં વધુ ભરેલી



કપચી માર્ગ ઉપર પણ વેરણછેરણ થાય છે અને અન્ય વાહનચાલકો અકસ્માતનો ભોગ બને છે. પ્રથમ નજરે જ ચિક્કાર કપચી ભરેલી ટ્રકો દેખાઈ આવે છે છતાં માર્ગ ઉપર ઉભેલી પોલીસ મુક પ્રેક્ષક બનીને તમાશો જ જોયા જ કરે છે જેમાં ડ્રાયવરો જણાવે છે કે પોલીસને નકકી કરેલો હપ્તો પહોંચે પછી અમે શું ભરીને જઈએ છીએ તેનાથી તેમને કોઈ જ મતલબ નથી.

આરટીઓ તથા ખાણ-ખનીજ વિભાગ દ્વારા કોઈ જ કાર્યવાહી આ કપચની ટ્રકો વિરૂધ્ધ કરવામાં ન આવતું હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે જેથી પ્રજાજનો આ બે વિભાગ પ્રત્યે શંકાની દષ્ટિએ જોઈ રહ્યા છે. વધુમાં ટ્રાફીક પોલીસ ઓવરલોડીંગ અંગેના કેસ કરતી જ નથી જેમાં આ વિષય આરટીઓ તથા ખાણ ખનીજ વિભાગનો છે અને કદાચ ટ્રાફીક પોલીસ દ્વારા કોઈ કેસ કરાય તો તેને આરટીઓમાં મોકલી આપવો પડતો હોવાનું જાણવા મળ્યું છે. ગાંધીનગરની આસપાસના તમામ માર્ગો ઉપર ધસમસતી આ કાળમુખી ટ્રકો બે લગામ બની છે અને પોલીસ ફકત મુક પ્રેક્ષક જ બની રહી છે. અસંખ્ય અકસ્માતોમાં આ ઓવરલોડીંગ ટ્રકો જ મુખ્ય ભાગ ભજવતી હોય છે ત્યારે સત્વરે આ દુષણ દુર કરવા સર્વત્ર માંગ ઉઠી છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)